ગાંધીનગર સમાચાર

# ભારતના કૈલાશ સત્યાર્થીને નોબેલ શાંતિ પુરસ્કાર

## પાકિસ્તાનની ૧૭ વર્ષની મલાલા સૌથી નાની વયમાં આ એવોર્ડ મેળવનાર હસ્તી

લંડન,તા. ૧૦

બાળકોના અધિકારો માટે સતત કામ કરનાર ભારતના કૈલાશ સત્યાર્થી અને પાકિસ્તાનની સામાજિક કાર્યકર મલાલા યુસુફ જઈની પ્રતિષ્ઠિત નોબેલ શાંતિ પૂરસ્કાર માટે પસંદગી કરવામાં આવી છે. ૧૭ વર્ષની મલાલા સૌથી નાની વયમાં આ એવોર્ડ મેળવનાર હસ્તી બની ગઈ છે. કૈલાશ સત્યાર્થી અને મલાલાની સંયુક્તરીતે પસંદગી કરવામાં આવતા ખુશીનું મોજુ ફરી વળ્યું છે. આ ખુબ જ આશ્ચર્યજનક બાબત છે કે, ભારત અને પાકિસ્તાનની એ વખતે સંયુક્તરીતે નોબેલ શાંતિ પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી છે જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદ ઉપર વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. કૈલાશ સત્યાર્થી બચપન બચાવો આંદોલન મારફતે બાળ અધિકારો માટે સતત સંઘર્ષ કરતા રહ્યા છે. બીજી બાજુ મલાલા યુસુફ જઈ પણ પાકિસ્તાનમાં બાળકોના શિક્ષણ સાથે જોડાયેલી છે. તે તાલિબાનના જીવલેણ હુમલામાં સહેજમાં બચી ગઈ હતી. નોબેલ શાંતિ પુરસ્કારની ઘોષણા કરનાર કમિટિએ આ પુરસ્કારની જાહેરાત કરતા સત્યાર્થીની પ્રશંસા કરી છે અને કહ્યું છે કે, તેઓએ મહાત્મા ગાંધીની પરંપરાને આગળ વધારીને બાળકોના અધિકાર માટે લડત ચલાવી છે. કૈલાશ સત્યાર્થી અને મલાલાને નોબેલ શાંતિ પુરસ્કાર મળતા એક નવો ઈતિહાસ રચાયો છે. કમિટિનું કહેવું છે કે, સત્યાર્થીએ મહાત્મા ગાંધીની પરંપરાને આગળ વધારી છે. આ કમિટિનું એમ પણ કહેવું છે કે, સ્કુલી બાળકો વધુ ધ્યાન આપે તે જરૂરી છે. વિશ્વના ગરીબ દેશોમાં સ્થિતિ ખુબ જ ચિંતાજનક રહેલી છે. કમિટિનું કહેવું છે કે, સંઘર્ષવાળા વિસ્તારોમાં બાળકોના અધિકારોનો ભંગ થઈ રહ્યો છે. મલાલા અંગે વાત કરતા આ કમિટિએ કહ્યું છે કે, નાની વય હોવા છતાં તે વર્ષો સુધી બાળકીઓના શિક્ષણના અધિકાર માટે લડતી રહી છે. બાળકો અને યુવા લોકો તેના માર્ગદર્શન ઉપર આગળ વધે તે જરૂરી છે. નોબેલ શાંતિ પુરસ્કાર આપવા માટે જે માર્ગદર્શિકા નક્કી કરવામાં આવી છે તેને લઈને પણ વાત કરવામાં આવી છે. મલાલા ઉપર એક વખતે તાલિબાન દ્વારા આતંકવાદી હુમલો પણ કરાયો હતો. કમિટિનું કહેવું છે કે, સાહસપૂર્વક મલાલા કામ કરી રહી છે. મલાલાનો જન્મ ૧૨મી જુલાઈ ૧૯૯૭ના દિવસે થયો હતો. ૨૦૧૨માં તેના ઉપર ત્રાસવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો જેમાં તે ગંભીરરીતે ઘાયલ થઈ હતી. તેની સામે અનેક ફતવા પણ જારી કરવામાં આવ્યા હતા.

**સત્યાર્થી પ્રોફાઈલ.......**

| | | |
|---|---|---|
| નામ | : | કૈલાશ સત્યાર્થી |
| જન્મતારીખ | : | ૧૧મી જાન્યુઆરી ૧૯૫૪ |
| હાલની વય | : | ૬૦ |
| જન્મ સ્થળ | : | વિદિશા, મધ્યપ્રદેશ |
| નાગરિકતા | : | ભારતીય |
| પ્રોફેશન | : | બાળકોના અધિકારની લડાઈ |
| ધર્મ | : | હિન્દુ |
| મોટી સિદ્ધિ | : | નોબેલ શાંતિ, રોબર્ટ કેનેડી, મેડલ ઓફ ઈટાલિયન સેનેટ |




**મલાલા પ્રોફાઈલ.......**

| | | |
|---|---|---|
| નામ | : | મલાલા યુસુફજઈ |
| જન્મતારીખ | : | ૧૨મી જુલાઈ ૧૯૯૭ |
| જન્મસ્થળ | : | મિંગોરા ઉત્તરપશ્ચિમ ફ્રન્ટીયર પ્રાંત |
| નિવાસ | : | બર્મિંગ્હામ, ઈંગ્લેન્ડ |
| નાગરિકતા | : | પાકિસ્તાની |
| વંશ | : | પસ્તુન |
| પ્રોફેશન | : | યુવતીઓ અને મહિલાઓ માટે શિક્ષણની લડાઈ |
| જાણીતી થઈ | : | તાલિબાની હુમલા બાદ |
| ધર્મ | : | ઈસ્લામ |
| મોટી સિદ્ધિ | : | નોબેલ શાંતિ, કેનેડિયન નાગરિકતા, નેશનલ યુથ શાંતિ |

# સુનંદા પુષ્કરનું મોત ઝેરના કારણે થયું : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૧૦

રાજકીય વર્તુળો, ફેશન દુનિયા અને બોલિવુડમાં ભારે ચર્ચા



જગાવનાર સુનંદા પુષ્કર મોતના મામલે હવે નવો ચોંકાવનારો ખુલાસો થયો છે. જેમાં દાવો કરવામાં આવ્યો છે કે સુનંદાનુ મોત ઝેરના કારણે થયું હતું. ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન શશી થરુરના પત્નિ સુનંદા મોતના મામલે તપાસ કરી રહેલી મેડિકલ ટીમે કહ્યું છે કે તેમનુ મોત ઝેરના કારણે થયું હતું. દરમિયાન સુનંદા પુષ્કરના મોતના કારણો અંગે તપાસ કરનાર એમ્સના તબીબો દ્વારા પોલીસને સોંપવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, ઘણી બધી બાબતો ઉભરી રહી છે. બીજી બાજુ પોલીસના જણાવ્યા મુજબ નવેસરનો અહેવાલ અપુરતો છે. આમાં એડવાન્સ ફોરેન્સિક ટેસ્ટની જરૂર પડશે. દિલ્હી પોલીસના કમિશનર બીએસ બસ્સીએ એવા અહેવાલને રદિયો આપ્યો છે કે, પોલીસ પુરાવા એકત્રિત કરવામાં ઉદાસીન હતી અને તપાસ સીબીઆઈને સોંપી દેવી જોઈએ. તેમણે કહ્યું છે કે, પોલીસ દ્વારા અસરકારકરીતે મામલાને હાથ ધરવામાં આવ્યો છે. ફોરેન્સિક રિપોર્ટ અપુરતો છે. ઘણા વલણ અધુરા છે. ૧૨ પાનાના સબસ્વેન્ટ મેડિકલ બોર્ડ ઓપિનિયનના રિપોર્ટમાં એમ્સના તબીબોએ કારણ આપતા કહ્યું છે કે, ઝેરના કારણે તેનું મોત થયુ હતું. અગાઉના અહેવાલમાં પણ આવી જ વાત કરવામાં આવી હતી. તેના બ્રેઈન, કિડની, ફેફસા અને લીવર સામાન્યરીતે કામ કરી રહ્યા હતા. આ અહેવાલ ૩૦મી સપ્ટેમ્બરના દિવસે એમ્સના તબીબોની ટુકડીએ પોલીસને સોંપ્યો હતો. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સના ત્રણ તબીબોની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી. આનુ નેતૃત્વ ડો. સુધીર ગુપ્તા દ્વારા કરવામાં આવ્યું હતુ. સુધીરે અગાઉ આક્ષેપ કર્યો હતો કે કેસમાં ટેલર મેડ રિપોર્ટ આપવા માટે ટીમ પર દબાણ લાવવામાં આવ્યું હતુ. એક અગ્રણી અગ્રેજી અખબાર દ્વારા રિપોર્ટમાં ચકાસણી કરવામાં આવતા જાણવા મળે છે કે સુનંદાનુ મોત જે ચોક્કસ ઝેર અથવા તો રસાયણના કારણે થયું હતુ તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ભારતીય લેબમાં જે શોદી ન શકાય તેવા અનેક ઝેરના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં થેલિયમ, પોલોલિયમ ૨૧૦, નેરિયમ, સ્નેક ઝેર, ફોટો લેબલ અને હેરોઈનનો સમાવેશ થાય છે. સુનંદાના શરીર પર ઈજાના ૧૫ નિશાન મળી આવ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું કે ઈજાના ૧૦ જેટલા નિશાન સિરિન્જની નિડલના હતા. સુનંદા મોતના મામલે ફરી એકવાર તપાસનો દોર આગળ વધે તેવી શક્યતા છે. આવનાર દિવસોમાં શશી થરુરની તકલીફમાં પણ વધારો કરે તેવી શક્યતા છે. કારણ કે નવા તારણ સપાટી પર આવી રહ્યા છે. સુનંદાના પરિવારના સભ્યો વેધક પ્રશ્ન ઉઠાવી શકે છે.હેવાલને લઈને તમામ લોકોમાં ચર્ચા જામી છે.

# ગુગલ દ્વારા આરકે નારાયણની જન્મદિવસની ઉજવણી કરાઈ

નવી દિલ્હી,તા. ૧૦

ગુગલે જાણીતા લેખક આરકે નારાયણના જન્મદિવસની આજે ડુડલ સાથે ઉજવણી કરી હતી. તેમના કામની ગુગલ દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી. ૧૦મી ઓક્ટોબર ૧૯૦૬ના દિવસે જન્મેલા રાશીપુરૂમ કૃષ્ણાસ્વામી નારાયણ




તેમના માલગુડી ડેઝના કારણે જાણીતા રહ્યા હતા. તેના પર સિરિયલ પણ બની ચુકી છે. નારાયણે પોતાની કેરિયરની શરૂઆત પત્રકાર તરીકે કરી હતી. ત્યારબાદ નવલકથા લખવાની શરૂઆત કરી હતી. તેમની પ્રથમ નવલ સ્વામી અને ફ્રેન્ડસ વર્ષ ૧૯૩૫માં રજૂ કરાઈ હતી. ડુડલના ભાગરૂપે કાર્ટુનિસ્ટ નવલકથાકાર માલગુડી ડેઝ વાચંતા નજરે પડે ચે. આ લેખકે અનેક યાદગાર રચના કરી હતી. તેમનુ ૯૪ વર્ષની વય ૧૨મી મે ૨૦૦૧ના દિવસે અવસાન થયું હતુ. માલગુડી ડેઝ નામથી દુરદર્શન પર ટિવી સિરિયલ પણ વર્ષો પહેલા આવી ચુકી છે. જેને ભારે લોકપ્રિયતા મળી હતી. પત્રકાર તરીકે પણ નાયારણ જાણીતા રહ્યા હતા. તેમની કામની હમેંશાં જ પ્રશંસા તઈ હતી. મહાકાય ગુગલ જેવી કંપનીએ પણ ડુડલ દ્વારા તેમને યાદ કરીને શ્રદ્ધાંજલિ આપી છે. માલગુડી ડે પર કેટલાક નાટકની રચના પણ દેશભરમાં કરવામાં આવી છે. જેને લોકપ્રિયતા મળી હતી. આવનાર દિવસો પણ તેમની લોકપ્રિયતા હજુ અકબંધ રહે તેવી શક્યતા છે.

# સેંસેક્સમાં ૩૪૦ પોઈન્ટનો નોંધપાત્ર ઘટાડો

મુંબઈ,તા. ૧૦

શેરબજારમાં આજે ફરીએકવાર મંદીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ઘટીને બંધ રહ્યો હતો. અગાઉના સેશનમાં નોંધાયેલી તીવ્ર તેજી જોવા મળી ન હતી. કડાકો બોલાઈ ગયો હતો. સેંસેક્સ કારોબારના અંતે ૩૪૦ પોઈન્ટ ઘટીને ૨૬૨૯૭ની સપાટીએ રહ્યો હતો જેથી નિફ્ટી ૧૦૧ પોઈન્ટ ઘટીને ૭૮૬૦ની સપાટીએ રહ્યો હતો. બ્રોડરમાર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં આશરે એક ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ ખુબ જ નકારાત્મક રહી હતી. ૧૯૦૮ શેરમાં મંદી અને ૯૯૮ શેરમાં તેજી રહી હતી. દરમિયાન વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ગુરુવારના દિવસે ૨૦.૮૯ કરોડની કિંમતના શેર વેચી માર્યા હતા.શેરબજારમાં આજે ભારે અફડાતફડીનો માહોલ રહ્યો હતો. જાપાનના નિક્કી શેરમાં સતત ચોથા દિવસે ઘટાડો રહ્યો હતો. ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ફોસીસના શેરમાં આજે સૌથી વધુ આશરે સાત ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. સેક્ટર અને શેરની વાત કરવામાં આવે તો મેટલ ઈન્ડેક્સમાં ચાર ટકાથી વધુનો વધારો રહ્યો હતો જ્યારે ઓટો, એફએમસીજી, બેંકેક્સ, કેપિટલ ગુડ્ઝ, પાવર, રિયાલીટી એમ તમામમાં ૧-૨ ટકા વચ્ચેનો ઘટાડો જોવા મળ્યો હતો. જો કે, આઈટી ઈન્ડેક્સમાં આશરે બે ટકાનો સુધારો જોવા મળ્યો હતો. આજે કારોબાર દરમિયાન જે શેરમાં મોટો ઘટાડો રહ્યો હતો તેમાં ટાટા મોટર્સ, હિન્ડાલ્કો, સેસા સ્ટરલાઈટ, તાતા સ્ટીલ, એમ એન્ડ એમ, આઈટીસી, એચડીએફસી, ભારતી એરટેલ અને એચયુએલનો સમાવેશ થાય છે. તાતા મોટર્સના શેરમાં સૌથી વધુ પાંચ ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે જોરદાર તેજી જોવા મળી હતી. દલાલ સ્ટ્રીટમાં દિવાળી પહેલાની તેજી આવી હોવાના સંકેત દેખાયા હતા. ત્રણ દિવસ સુધી મંદી રહ્યા બાદ ગુરુવારના દિવસે તેજી જારી રહી હતી. તેની નવેસરની પોલિસીમાં યુએસ ફેડરલ રિઝર્વએ મૂડીરોકાણકારોને ફરી ખાતરી આપતા કહ્યું હતું કે, વ્યાજદરમાં વધારો કરવા માટે તેને કોઈ ઉતાવળ નથી. બીએસઈ સેંસેક્સ ગઈકાલે ૩૯૦ પોઈન્ટ ઉછળીને ૨૬૬૩૭ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૧૮ પોઈન્ટ ઉછળીને ૭૯૯૧ની સપાટીએ રહ્યો હતો.

# નિશાન દ્વારા નવી ટોર્રાનો કાર લોંચ કરવામાં આવી

નવીદિલ્હી,તા. ૧૦

જાપાની કાર બનાવતી કંપની નિશાને આજે મિડસાઈઝની સ્પોર્ટ્સ યુટિલિટી ગાડી લોંચ કરી દીધી હતી. ટેર્રાનોની કિંમત ૧૩.૧૩ લાખ રૂપિયા રાખવામાં આવી છે. ભારતમાં આ વાહનને લઈને જોરદાર ઉત્સુકતા પહેલાથી



જ પ્રવર્તી રહી હતી. આ કારમાં નવી ઘણી વિશેષતાઓ ઉમેરવામાં આવી છે જેના ભાગરુપે ગ્રાહકોને ખુબ રાહત મળશે. એક નિવેદનમાં નિશાન ઈન્ડિયા દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. નિશાન ઈન્ડિયાના પ્રમુખે કહ્યું છે કે, આ કારની સફળતાને લઈને અમે આશાવાદી છે. આ ગાડી બે ટ્રીમમાં ઉપલબ્ધ રહેશે જેની કિંમત ૧૨૮૩૬૪૫ અને ૧૩૧૩૭૨૫ રૂપિયા રહેશે. કંપનીએ કહ્યું છે કે, દેશભરમાં એનિવર્સરી એડિશનની માત્ર ૪૫૦ કાર જ હાલમાં વેચવામાં આવશે. ભારત મોટા કાર બજાર તરીકે ઉભરી રહ્યું છે. તમામ કાર બનાવતી કંપનીઓ ભારત પર નજર કેન્દ્રિત કરી રહી છે અને ગ્રાહકોને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસ કરી રહી છે. નિશાન કંપની પણ આ દિશામાં આગળ વધી રહી છે.

# હુડ હુડ વાવાઝોડુ ૧૨મીએ વિશાખાપટ્ટનમમાં પહોંચશે

ભુવનેશ્વર, તા.૧૦

વાવાઝોડુ હુડ હુડ હવે વિશાખાપટ્ટનમથી ૫૩૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. આના કારણે ભારે નુકસાન થવાની શક્યતા દેખાઈ રહી છે. ૧૫૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવનની સાથે ભારે વરસાદ પડે તેવી શક્યતા છે. આ વાવાઝોડુ હવે પશ્ચિમ, ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધશે. હવે પુર્વીય ગોદાવરી, વિશાખાપટ્ટનમ, વિજયાનગરમ અને શ્રીકાકુલમ જિલ્લામાં ભારે વરસાદ થઈ શકે છે. આવતીકાલથી ભારે વરસાદની શરૂઆત થશે. રવિવાર સવારથી જ ૧૫૫ કિમી પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાઈ શકે છે. મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ દ્વારા તૈયારીની સમીક્ષા કરવામાં આવી છે. આંધ્ર અને ઓરિસ્સા દ્વારા અસર થઈ શકે તેવા લોકોને ખસેડી લીધા છે. એનડીઆરએફ અને અન્ય ટીમો



ગોઠવી દેવામાં આવી છે. વાવાઝોડુ હુડ હુડ ઓરિસ્સા અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠા નજીક પહોંચી રહ્યું છે જેના લીધે આ વાવાઝોડુ આગામી ૧૨ કલાકની અંદર જોરદાર ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ જાય તેવી શક્યતા છે. શનિવારે અતિ ભારે વરસાદ થવાની ચેતવણી આપવામાં આવી છે. ૧૨મી ઓક્ટોબરે હુડ હુડ આંધ્રપ્રદેશને પાર કરશે. હવામાન વિભાગે વિગત આપતા કહ્યું હતું કે, આજે સવારે ૮.૩૦ વાગે વાવાઝોડુ ગોપાલપુરથી ૭૮૦ કિલોમીટર દક્ષિણ અને દક્ષિણ પૂર્વે સ્થિત હતું જ્યારે વિશાખાપટ્ટનમથી ૭૭૦ કિલોમીટર દક્ષિણ પૂર્વે સ્થિત હતું. બુધવારના દિવસે વાવાઝોડુ ગોપાલપુરથી ૧૧૦૦ કિલોમીટર દક્ષિણ પૂર્વે સ્થિત હતું. આ વ્યવસ્થાના કારણે ઉત્તરીય આંધ્રપ્રદેશના દરિયાકાંઠા અને ઓરિસ્સામાં અતિ ભારે વરસાદ થઈ શકે છે. સાવચેતીના તમામ પગલા લેવાયા છે. ભારતીય હવામાન વિભાગે આજે ચેતવણી આપતા કહ્યું હતું કે, ઓરિસ્સામાં હવે વાવાઝોડું હુડ હુડનો ખતરો તોળાઈ રહ્યો છે. આના કારણે ભારે વરસાદ પણ થઈ શકે છે. વાવાઝોડાના ખતરાના પરિણામ સ્વરુપે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે.

## જન્મદિન વિશેષ-અમિતાભ બચ્ચન

(પાના નં. ૪ નું ચાલુ)

કાલીયાનો આ સંવાદ ખૂબ જ લોકપ્રિય થયેલો. મુકંદર કા સિકંદરનો ‘મેમ સાબ’ શબ્દ ડાયલોગના તોર પર એટલો લોકપ્રિય થયેલો કે કોલેજીયનો પોતાની ગર્લફ્રેન્ડ માટે મેમસાબ શબ્દ વાપરતા થઈ ગયેલા.

અમિતાભને મોટો બનાવ્યો છે તેના સાથી કલાકારોએ અમિતાભને જીવતો રાખ્યો છે (કુલી) ભારતની જનતાએ અમિતાભને ચાહ્યો છે રેખા જેવી અનેક માનુનીઓએ હજી આજે પણ અમિતાભ કરોડો લોકોના હૃદયમાં રાજ કરે છે.

મલયાલમ, અંગ્રેજી, મરાઠી, ગુજરાતી, તેલુગુ, બંગાળી, તમીલ, વગેરે ફિલ્મોમાં બીગ બી એ કામ કર્યું છે.

અમિતાભ ભારતની આન અને બાન છે. હિન્દુસ્તાનીઓની જાન છે. પ્રભુ, અમિતાભને દીર્ઘાયુ બક્ષે, તંદુરસ્તી બક્ષે, લાંબી ઉંમર બક્ષે એ જ દરેક ભારતીયની પ્રાર્થના હોઈ શકે....!

ખૂશ્બુ ગુજરાત કી...!

શાન ભારત કી....!

યે રાસ્તા અમિતાભ કે બાદ ખત્મ હો જોતા હૈ મેરે દોસ્ત...!

**અમિતાભને મળેલા એવોર્ડ**

- નેશનલ ફિલ્મ એવોર્ડ ફોર ન્યુકમર - ૧૯૬૯ (સાત હિન્દુસ્તાની)
- ફિલ્મફેર બેસ્ટ સપોર્ટીંગ એક્ટર - ૧૯૭૧ (આનંદ)
- ફિલ્મફેર બેસ્ટ સપોર્ટીંગ એક્ટર - ૧૯૭૩ (નમક હરામ)
- ફિલ્મફેર બેસ્ટ એક્ટર - ૧૯૭૫ (દિવાર)
- ફિલ્મફેર બેસ્ટ એક્ટર - ૧૯૭૭ (અમર અકબર એન્થોની
- ફિલ્મફેર બેસ્ટ એક્ટર એવોર્ડ - ૧૯૭૮ (ડૉન)
- નેશનલ ફિલ્મ એવોર્ડ ફોર બેસ્ટ એક્ટર - ૧૯૯૦ (અગ્નિપથ)
- ફિલ્મફેર બેસ્ટ એક્ટર એવોર્ડ : ૧૯૯૧ (હમ)
- ફિલ્મફેર બેસ્ટ સપોર્ટીંગ એક્ટર એવોર્ડ - ૨૦૦૦ (મહોંબતે)
- ફિલ્મફેર ક્રીટીક્સ એવોર્ડ - ૨૦૦૧ (અકસ)
- બેસ્ટ એક્ટર, બેસ્ટ ક્રિટીક્સ, ફિલ્મફેર એન્ડ નેશનલ ફિલ્મ બેસ્ટ એક્ટર - ૨૦૦૫ (બ્લેક)
- બેસ્ટ એક્ટર - ૨૦૦૮ (ધ લાસ્ટ લીયર)
- બેસ્ટ એક્ટર - ફિલ્મફેર એન્ડ નેશનલ - ૨૦૦૯ (પા)

**યાદગાર અમિતાભ - યાદગાર ડાયલોગ**

- રિશ્તે મેં તો હમ તુમ્હારે બાપ લગતે હૈ
નામ હૈ શહેનશાહ...
- અગર અપની માં કા દૂધ પીયા હૈ
તો સામને આ.... લાવારિસ
- યે તુમ્હારે બાપ કા ઘર નહિ,
પોલીસ સ્ટેશન હૈ.... ઝંઝીર
- જા ઓ પહેલે ઉસ આદમી કા સાઈન લેકે
આઓ જીસને મરે બાપકો ચોર કહા થા
પહેલે ઉસ આદમી કા સાઈન લે કે આઓ
જીસને મેંરી માં કો ધક્કા માર કર
નૌકરીસે નિકાલ દીયા થા, પલહે ઉસ
આદમી કા સાઈન લે કો આઓ જીસને
મેરે હાથ મે યે લીખ દીયા થા... યે...
ઉસકે બાદ... ઉસકે બાદ મેરે ભાઈ તુમ
જહાં કહો ગેં મૈં વહાં સાઈન કર દૂંગા’

-દીવાર

# કાયમી નોકરી છોડી યુવાનો કામચલાઉ રોજગારી કરે છે

નવી દિલ્હી ,તા.૧૦

આધુનિક સમયમાં નોકરીની સુરક્ષા મોટાભાગના કર્મચારીઓ માટે વધારે મહત્વ રાખતી નથી. આધુનિક સમયમાં સારા નાણાં, કેરિયર પ્રોફાઈલ અને અતિ ઝડપથી બઢતી અથવા પ્રમોશન કઈ રીતે મળે છે તેને વધારે મહત્વ મળવા લાગ્યું છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે મોટી સંખ્યામાં ભારતીય લોકો હવે કાયમી નોકરી છોડીને વધુ સારા આકર્ષક કામ ચલાઉ રોલને વધારે મહત્વ આપી રહ્યા છે. ટૂંકમાં કામ ચલાઉ નોકરીમાં પૈસા વધારે હોય તો તેને મહત્વ આપતા થયા છે. અગાઉના સમયમાં સરકારી નોકરીઓને વધારે મહત્વ અપાતું હતું. કારણ કે તેમાં નોકરીની સુરક્ષા રહેલી છે પરંતુ હવે યુવા ભારતીય કર્મચારીઓ જોબ સિક્યુરિટીને લઈને વધારે મહત્વ આપતા નથી. સારા કેરિયર પ્રોફાઇલ, નાણા અને ઓર્ગેનાઈઝીંગ બ્રાન્ડ માટે જોબ સિક્યુરિટીને વધારે મહત્વ આપી રહ્યા નથી. કંપનીમાં કામ કરતા ઘણા અધિકારીઓ આ મુજબની વાત કરી ચૂક્યા છે. કેટલાક એવા કિસ્સા છે જે કિસ્સામાં સારી કાયમી નોકરી ધરાવનાર લોકો તે નોકરીને છોડીને કામચલાઉ નોકરીમાં સારા પગાર ઉપર જોડાયા છે. લોકોનું કહેવું છે કે તમામ પ્રકારની કુશળતા હોવા છતાં કાયમી જોબમાં પ્રમોશનની ગતિ ધીમી હોય છે. બીજી બાજુ કામચલાઉ નોકરીમાં પ્રાથમિક તબક્કે સારા પગાર સાથે રાખવામાં આવે છે. ઘણા કિસ્સાઓમાં આ બાબત હવે લાગી પડતી હોય છે. મોટાભાગના કેસોમાં કામચલાઉ નોકરીમાં જ્યારે વ્યક્તિ પ્રવેશ કરે છે ત્યારે ઊંચા પગાર પેકેજ આપવામાં આવે છે. ભારતમાં યુવા કર્મચારીઓને નોકરીની દહેશત આજના સમયમાં સતાવી રહી છે. ભારતમાં કામચલાઉ સ્ટાફ ઇન્ડસ્ટ્રીઝ ૧૫ વર્ષ જૂની છે પરંતુ તેના રોલ ઉપર ૬૦૦૦૦૦ લોકો કામ કરી રહ્યા છે જે સાબિત કરે છે કે લોકોને નાણા વધારે મહત્વપૂર્ણ દેખાય છે. જોબની સિક્યુરિટી બીજા નંબરમાં આવી ગઈ છે.

## સમાચાર ઝલક

- ત્રાસવાદીઓને ઘુસાડવામાં પાકિસ્તાનને મળેલી સંપૂર્ણ નિષ્ફળતા
- વધુ પડતી સંવેદનશીલ પત્ની આપઘાત કરે તો પતિનો વાંક ન ગણાય-મદ્રાસ હાઈકોર્ટ.
- ચીનમાં ટ્રાફીકમાં ફસાઈ ગઈ દુલ્હન અને રેડિયોની મદદથી કરાઈ લગ્નવિધિ.
- નવલખી પાસે ૧૫૦૦ કરોડથી વધુ ખર્ચે રાસાયણિક ખાતરનો પ્લાન્ટ સ્થપાશે.
- બિલ્ડરો માટે ‘અચ્છે દિન આને વાલે હૈ’ રિયલ એસ્ટેટમાં તેજીનો વર્તારો.
- સમગ્ર ગુજરાતમાં વાઈ-ફાઈ સુવિધા માટેની તૈયારીઓ. અમેરિકન કંપનીનો સહયોગ.
- આજથી સાંસદ આદર્શ ગ્રામ યોજના-વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પ્રારંભ થશે.
- ચાલુ ટ્રેનમાં કોઈ હેરાનગતિ થતી હોય તો ખાસ હેલ્પલાઈન ૧૩૨૨ પર કોલ કરો.
- ગુજરાતમાં વધુ એક મહિલા લક્ષી કદમ મહિલા સાહસિકતા ઉદ્યોગને વ્યાજની પણ સબસીડી મળશે.
- શ્રદ્ધા કપુરની હેદર ફિલ્મની ભૂમિકાની ચારે બાજુ પ્રશંસા.
- તુર્કી-સીરીયાની સરહદ પરનાં હુમલામાં ૨૧નાં મોત.
- સૂરતમાં હીરાની પેઢીઓ પર આવકવેરાના દરોડા.
- અમદાવાદ એરપોર્ટ પર રહસ્યમય રીતે ૧૬ લાખનું સોનુ મળી આવ્યું.
- અમદાવાદમાં હજુ પણ ૩૫ નવા ફલાય ઓવર બનશે.
- દિલ્હી વિધાનસભાનો નિર્ણય ઉપરાજયપાલે કરવાનો રહેશે-રાષ્ટ્રપતિશ્રીએ ફાઈલ પરત મોકલી.